અગત્યનું

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :-suratdeo@gmail.com

Fax no:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

ક્રમાંક: મા-૫/ચિ.શિ./ફિક્સેશન/દરખાસ્ત/૨૦૨૩/૧૮૯૩૧ તા. ૩૦ /૧૦/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ (તમામ),
જિ-સુરત

વિષય : રાજ્યની બિનસરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓના ચિત્રશિક્ષકોના પગારફિક્સેશન કરવા સબબ દરખાસ્ત રજૂ કરવા બાબત બાબત.

સંદર્ભ (૧) નાયબ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ના તા.૦૯/૧૦/૨૦૨૩ ના પત્રાંક: COS/PGS/e-File/276/2023/16-17/SECONDARY.

(૨) અત્રેની કચેરીના તા. ૨૧/૧૦/૨૦૨૩ ના પત્રાંક: મા-૫/LPA No.336-2022/૨૦૨૩/૧૮૨૩૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જે ચિત્ર શિક્ષકોને નામ. ગુજરાત હાઈકોર્ટના વચગાળાના હુકમના આધારે રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૨૦૦ના પગારધોરણમાં પગાર નિયત કરીને ચુકવણી કરવામાં આવેલ છે તેવા ચિત્ર શિક્ષકોને સંદર્ભિત પત્રાંક-(૧) અન્વયે રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ માં પગાર ફિક્સેશન કરી આપી પગાર તેમજ અન્ય ભથ્થાની ચુકવણી કરવાની થાય છે. જે અન્વયે સંદર્ભપત્ર (૨) થી ચિત્રશિક્ષકોનું રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ માં રીવાઇઝ ફિક્સેશન કરી વધુ ચુકવાયેલ રકમની ચલણ મારફત રીકવરી કરવા માટે જણાવવામાં આવેલ છે. પરંતુ અત્રેની કચેરીના તાબા હેઠળની કેટલીક શાળાઓ દ્વારા સંદર્ભપત્ર -૦૨ માં દર્શાવેલ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેથી આવા ચિત્રશિક્ષકોની રીવાઇઝ ફિક્સેશન કરવા અંગેની દરખાસ્ત પત્ર મળ્યેથી દિન-૦૧ (એક)માં અત્રેની કચેરીમાં રજૂ કરી વધુ ચુકવાયેલ પગાર ભથ્થાની વસૂલાત પત્રક બનાવી તાત્કાલિક વસૂલાત કરવા જણાવવામાં આવે છે.

જો ચિત્રશિક્ષકોના ફિક્સેશન અને વસૂલાત અંગે કોઈ ચૂક થશે તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત આચાર્ય/ સંચાલક મંડળની અંગત રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ. સુરત

Scanned with CamScanner